સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૧૨/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૧ માગશર વદ-૧૧ વર્ષ : ૧૬ અંક : ૦૧૨

**સુવિચાર**

સાહસ કર્યા થકી લક્ષ્મી મળે છે. તેજ રીતે સ્વહસ્તે કાર્ય કર્યા થકી પણ લક્ષ્મી મળે છે. કરેલી જાત-મહેનત કદીયે નિષ્ફળ જતી નથી.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭







## માર્ગ બન્યાને ૨ વર્ષ થયા અને પુન: માર્ગ ભયજનક બની ગયો

# લૂંટો ભાઈ લૂંટો : અમરેલીનાં નાના ભંડારીયા ગામના માર્ગનાં કામમાં દે ધનાધન


**શરૂઆતમાં સિમેન્ટ માર્ગ બન્યો અને તેમાં ગાબડા પડતા તેમનાં ઉપર ડામર પાથરીને મેકઅપ કરી દેવાયો**

**માર્ગ બન્યોને ગામજનો ખૂશ થયા પણ નબળા કામને લઈને માર્ગ બિસ્માર બનતાં સૌ દુ:ખી થયા**

**કુંકાવાવ માર્ગથી વડેરા સહિતનાં ગામોમાં જવા માટે પણ ઉપયોગી માર્ગ પરથી પસાર થવું મુશ્કેલ**

**શરૂઆતમાં પેમેન્ટ અટકાવાયું અને થોડી ભલામણ બાદ પેમેન્ટ પણ એજન્સીને આપી દેવાયું**



અમરેલી, તા. ૨૫

અમરેલીનાં નાના ભંડારીયા ગામ ખાતે આજથી ૨ વર્ષ પહેલા જનતા જનાર્દનનાં લાખો રૂપિયાનાં ખર્ચે માનીતી એજન્સી દ્વારા બનાવાયેલ માર્ગ ગણતરીનાં મહિનાઓમાં અતિ બિસ્માર બની ગયો અને આશ્ચર્યજનક બાબત એ છે કે ભ્રષ્ટાચારથી ખદબદતા માર્ગ–મકાન વિભાગ (પંચાયત) દ્વારા રાજકીય ભલામણથી એજન્સીનું પેમેન્ટ પણ કરી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

અમરેલીનાં કુંકાવાવ રોડ ઉપરથી વડેરા સહિતનાં ગામો તરફ જતો અતિ મહત્વનો નાના ભંડારીયામાંથી પસાર થતો માર્ગ ૨ વર્ષ પહેલા સિમેન્ટથી બનાવવામાં આવ્યા બાદ થોડા જ દિવસોમાં માર્ગમાં મસમોટા ગાબડા પડી જતાં તેમની ઉપર ડામર પાથરીને મેકઅપ કરવામાં આવ્યો અને મેકઅપનાં આધારે માર્ગ–મકાન વિભાગે માર્ગ બનાવનાર એજન્સીનું પેમેન્ટ પણ અર્પણ કરી દીધાનું જાણવા મળેલ છે.

અનુસંધાન પાના ૬ ઉપર


















## નાથીમા અને હરિબાપા પરમારની સ્મૃતિમાં દર વર્ષે એવોર્ડ અપાઈ રહ્યો છે

# અમરેલીમાં કવિવર રમેશ પારેખ એવોર્ડ કવિ વિનોદ જોશીને એનાયત

**મનોહર ત્રિવેદી, ડો. ભરત કાનાબાર, હાર્દિક કત્રોડીયા, શાંતિલાલ પરમારની ઉપસ્થિતિમાં એવોર્ડ એનાયત**

**કવિ સ્નેહિ પરમારે ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ**

**ઉપસ્થિતિ કવિઓ અને આગેવાનોએ કવિવર રમેશ પારેખ સાથેની યાદો વાગોળી**

**રમેશ પારેખ સાહિત્ય વર્તુળનાં મંત્રી રોહિત જીવાણીએ સૌનો આભાર વ્યકત કર્યો**






અમરેલી, તા. ૨૫

ગુજરાતી ભાષાના વિશ્વપ્રસિદ્ધ અને અમરેલીના પનોતાપુત્ર કવિ રમેશ પારેખના જન્મદિવસની ઉજવણીના ઉપક્રમે નાથીમા અને હરીબાપા પરમારની સ્મૃતિમાં પ્રતિવર્ષ અપાતો કવિવર રમેશ પારેખ એવોર્ડ આ વર્ષે ગુજરાતી ભાષાના સુખ્યાત કવિ વિનોદ જોશીને અર્પણ કરવામાં આવ્યો.

અમરેલી ખાતે સર્વ મનોહર ત્રિવેદી, શાંતિલાલ પરમાર, સંજુ વાળા, ડો. ભરત કાનાબાર, હાર્દિક કત્રોડિયા, જીતેન ધોળકિયા વગેરેની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં કવિ વિનોદ જોશીને આ અવાર્ડ અર્પણ કરવામાં આવ્યો. કાર્યક્રમના પ્રારંભે અપેક્ષા ભટ્ટ દ્વારા વિનોદ જોશી અને રમેશ પારેખની કવિતાઓનું ગાન કરવામાં આવ્યું. રમેશ પારેખ સાહિત્ય વર્તુળના પ્રમુખ હરજીવન દાફડાના ઉપસ્થિત મહેમાનોના શાબ્દિક સ્વાગત બાદ કવિ સ્નેહી પરમારે કવિ વિનોદ જોશી અને એમની કવિતાઓ વિશે અભ્યાસપૂર્ણ અને મનનીય વ્યાખ્યાન આપ્યું. ત્યારબાદ જે નિમિત્તે આખો ઉપક્રમ હતો એ એવોર્ડ અર્પણવિધિ શાનદાર રીતે કરવામાં આવી. કવિ વિનોદ જોશીને ઉપસ્થિત મહાનુભાવો અને સાહિત્યના ચાહકો–ભાવકોની બહોળી સંખ્યા અને તાળીઓના ગડગડાટ વચ્ચે 'કવિવર રમેશ પારેખ એવોર્ડ–૨૦૨૪' અર્પણ કરવામાં આવ્યો.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા મનોહર ત્રિવેદી, સંજુ વાળા, ડો. ભરત કાનાબાર અને શાંતિલાલ પરમારે ખૂબ સરસ પ્રાસંગિક ઉદ્દબોધનો કર્યા. કવિ વિનોદ જોશીએ પોતાના પ્રતિભાવમાં એમની સર્જન પ્રક્રિયા અને કવિ રમેશ પારેખ સાથેના કેટલાય સંસ્મરણો વાગોળ્યા અને પોતાની કવિતાઓ રજૂ કરી કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને રાજી રાજી કરી દીધા. આખા કાર્યક્રમનું સુંદર સંચાલન રમેશ પારેખ સાહિત્ય વર્તુળના ઉપપ્રમુખ અને જાણીતા કવિ હરેશ વડાવિયા દ્વારા કરવામાં આવ્યું. રમેશ પારેખ સાહિત્ય વર્તુળના મંત્રી રોહિત જીવાણીએ ઉપસ્થિત સૌનો આભાર વ્યકત કર્યો. કાર્યક્રમને ચિંતન જવેલર્સ, અમરેલીના હાર્દિક કત્રોડિયા અને જીતેન ધોળકિયાનું સૌજન્ય પ્રાપ્ત થયું હતું.

### રૂપિયા ૨.૯૦ લાખનું રોકાણ કરાવ્યું

## સાવરકુંડલાનાં વેપારી સાથે આઈપીઓમાં રોકાણ કરવાનાં નામે ૨ ઈસમો દ્વારા છેતરપીંડી

અમરેલી, તા. ૨૫

સાવરકુંડલા ગામે રહેતા મનિષભાઈ રમેશભાઈ ભટ્ટ નામના ૪૩ વર્ષિય વેપારીને મુળ ચોરવાડ (તા. માળીયાહાટીના) અને હાલ અમદાવાદ રહેતા કેવીનભાઈ પ્રવિણભાઈ ભટ્ટ ઉર્ફે જયેશ વિનોદભાઈ વાઢેર નામના આરોપીએ ગત તા. ૧૨/૧/૨૧થી તા. ૩૦/૫/૨૩ દરમ્યાન પોતાની શિવાય ઈન્વેસ્ટમેન્ટ નામની કંપની મારફતે શેરબજારમાં આઈ.પી.ઓ.માં રોકાણ કરવા અને નફો આપવાની લાલચ આપી વેપારી પાસેથી રૂપિયા ૨,૯૦,૭૮૬ રોકાણ કરાવેલ તેમજ તે અંગેના નફાના રૂપિયા ૧,૫૭,૯૧૩ સહિત કુલ રકમ રૂપિયા ૪,૪૮,૭૦૦ થોડા દિવસમાં પરત આપી દેવાના ખોટા વાયદા કરી તેમજ પાલનપુર ગામે આવેલ સુખબાગ નગર હનુમાન ટેકરી વિસ્તારમાં રહેતા આરોપી જીતુમીયા અહેમદખાન ઘાસુરા ભાગીદાર હોવાનું જણાવી બન્નેએ કાવતરૂ રચી વેપારી સાથે છેતરપીંડી ઠગાઈ કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### ડિજિટલ ઈન્ડિયાની કડવી વાસ્તવિકતા

## સાવરકુંડલા : અને એ વયોવૃધ્ધ દંપત્તિ અંગૂઠાની પ્રિન્ટ ન મળતા મામલતદાર કચેરીમાં આવ્યું

**ઘર બેઠા સુવિધા આપવાની જરૂર છે**



સાવરકુંડલા, તા. ૨૫

સરકાર તો ઘણા પ્રયાસ કરે છે સુશાસન સંદર્ભે પરંતુ છતાં પણ ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં હજુ પણ એવાં લોકો છે જે તંત્રની યોગ્ય પ્રક્રિયાથી વાકેફ નથી આવા ભારતીય નાગરિકો માટે પણ સરકાર દ્વારા હજુ વધુ સુચારૂ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જોઈએ તેવું આ પ્રસંગ ઉપરથી જોવા મળે છે. ગતરોજ સાવરકુંડલા મામલતદાર કચેરી ખાતે ઉપસ્થિત થતું એક વાસ્તવિક દ્રશ્ય સંદર્ભે થોડી વાત આપની સાથે શેર કરવાની છે. એક વયોવૃદ્ધ દંપતિ એમના જણાવ્યા મુજબ કરજાળા ગામેના રહેવાસી રેશન કાર્ડના પોતાના અંગૂઠા ન આવતાં હોય મામલતદાર કચેરી ખાતે એ આશા સાથે આવેલ કે આમાં મામલતદાર સહી કરી દે એટલે હાંઉ..!! ત્યાં ગામડેથી તે દંપતિને એમ કહેવામાં આવ્યું કે તમારો અંગૂઠાની પ્રિન્ટ રેશન કાર્ડ સંદર્ભે આવતી નથી એટલે મામલતદાર પાસે જઈને સહી કરાવી લો. આ સંદર્ભ એ વયોવૃદ્ધ દંપતિ કે જેના બાળકો બહારગામ સ્થાયી હોય અહીં મામલતદાર કચેરી ખાતે આવી પહોંચ્યા. એ વયોવૃદ્ધ દંપતિના મુખે જ તેની વાત સાંભળતાં મનમાં એવો પ્રશ્ન ઉપસ્થિત થયો કે હજુ પણ ડીઝીટલ ઈન્ડિયા માટે સરકારે કેવા કેવા પ્રબંધ કરવા જોઈએ.? આવા વયોવૃદ્ધ દંપતિએ પોતાના ગામકરજાળાથી છેક સાવરકુંડલા મામલતદાર કચેરી ખાતે ધક્કો શા માટે ખાવો પડે ? એ બાબતે પ્રશાસને શું કરવું જોઈએ ? સરકારે પણ આવા વયોવૃદ્ધ નાગરિકોને કોઈ કચેરીએ ધક્કો ખાધા વગર પોતાને મળતી તમામ સરકારી સેવાઓ ઘરબેઠાં અપડેટ કેમ થાય ? એ સંદર્ભે પણ થોડું મંથન કરી તેનો યોગ્ય પ્રચાર માધ્યમો દ્વારા પ્રચાર કરી નાગરિકોને સુશિક્ષિત કરવા જોઈએ કે કેમ? એ સવાલ આજે અટલજીના જન્મદિવસ નિમિત્તે સુશાસન ગુડ ગવર્નન્સના એક ભાગને વધુ સુગમ રીતે કેમ કાર્યાન્વિત કરવો જોઈએ એ માટે સરકાર તથા એડ્મિનિસ્ટ્રેશન તંત્ર દ્વારા વધુ સરળ અને સકારાત્મક પગલાં કેવા લેવા જોઈએ એ વિશે પણ થોડું મનોમંથન થવું જરૂરી છે.

### પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શનતળે ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

## અમરેલી, ભાવનગર સહિતનાં વિસ્તારમાં ૧૧ ઘરફોડ ચોરી કરનાર ગેંગનાં ૩ સભ્યો ઝડપાયા

**રોકડ, દાગીના મળી કુલ રૂપિયા ૫.૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત**




અમરેલી, તા. ૨૫

લાઠી તાલુકાના દેરડી (જાનબાઈ) ગામે રહેતા પરશોતમભાઈ ભુપતભાઈ જીંજરીયાના બાપુજીના રહેણાંક મકાનમાં ગત તા. ૧૫ નાં રોજ ૩:૩૦થી ૪:૩૦ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યા ઈસમો વંડી ટપી મકાનમાં પ્રવેશ કરી, બન્ને રૂમના તાળા તોડી રૂમમાં રાખેલ તીજોરીના લોક તોડી, સોનાની બુટ્ટી એક જોડી કિંમત રૂપિયા ૧૭,૦૦૦ તથા રોકડા રૂા. ૪૦,૦૦૦ની ચોરી કરી તેમજ તે જ ગામે રહેતા ધીરૂભાઈ બીજલભાઈ બારૈયાના રહેણાંક મકાનની વંડી ટપી રૂમનું તાળુ તોડી રૂમમાંથી એક જોડી સોનાના કાપ કિંમત રૂપિયા ૩૫,૦૦૦ તથા રોકડા રૂપિયા ૩૦,૦૦૦ તેમજ લક્ષ્મીબેન રાવજીભાઈ પરમારના રહેણાંક મકાનની વંડી ટપી રૂમનું તાળુ તોડી રૂમમાંથી રોકડા રૂપિયા ૫૨,૦૦૦ મળી સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૫૨,૦૦૦ તથા રોકડા રૂપિયા ૧,૨૨,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૭૪,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી લઈ ગયાની પરશોત્તમભાઈ ભુપતભાઈ જીંજરીયાએ અજાણ્યા આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવેલ હતી.

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતે અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને ગુનાઓ ડીટેકટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને જરૂરી માર્ગદશર્ન આપવામાં આવેલ હતું. અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી. ટીમ દ્વારા અનડીટેકટ ગુનાઓના અજાણ્યા આરોપીઓ અંગે સઘન તપાસ કરવામાં આવેલ તેમજ આરોપીઓના વર્ણન અંગે માહિતી મેળવી, આવા વર્ણનવાળા ઈસમો અને આ પ્રકારના ગુનાઓ કરવાની ટેવ ધરાવતા આરોપીઓ અંગે તપાસ કરવામાં આવતા આ ગુનાના આરોપીઓને પકડી પાડવાના સઘન પ્રયાસો દરમ્યાન બાતમી મળેલ કે, આરોપીઓ મોટર સાયકલ લઈ લાઠી રેલ્વે સ્ટેશન રોડ ઉપર આંટાફેરા મારતા હોય. જે મળેલ બાતમી હકિકત અંગે એલ.સી.બી. ટીમ તથા લાઠી પોલીસ ટીમ દ્વારા વોચમાં રહી ગઢડા તાલુકાનાં તુરખા ગામે આવેલ ચામુંડા માતાજીના મંદિર પાસે રહેતા અજય ઉર્ફે બોડીયો જયંતિભાઈ ઝાપડીયા, પાલીતાણા ગામે રહેતા ગોપાલભાઈ શિવાભાઈ પરમાર તથા પાલીતાણા તાલુકાના ગરાજીયા ગામે રહેતા શ્યામ ઉર્ફે બાડો ઉર્ફે શંભુ આતુભાઈ પટેલીયા નામના ત્રણ ઈસમોને મોટર સાયકલ તથા સોના–ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૫,૩૫,૮૮૪ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી, પકડાયેલ ઈસમોની સઘન પુછપરછ કરતાં તેઓએ અમરેલી, ભાવનગર, રાજકોટ સહિત ૧૧ અલગ અલગ જગ્યાએ ઘરફોડ ચોરીઓ કરેલ હોવાની કબુલાત આપેલ છે.

## સાવરકુંડલા : સેવાભાવી હનીફભાઈ શેખાણી દ્વારા ગરીબોને ગરમ કપડાનું વિતરણ

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા શહેરના મુસ્લિમ આગેવાન હનીફ મુસા શેખાણી દ્વારા ગરીબ માણસો ને કોટ જરકિનનું વિતરણ કરવા માં આવ્યું.

શિયાળાની કડકડતી ઠંડીમાં ગરીબ માણસો ગરમ કપડાં વગરના હેરાન પરેશાન થતાં હોય છે ત્યારે ગરીબોના બેલી હમદર્દ અને સેવાકીય ક્ષેત્રે આગવું નામ એવા મુસ્લિમ અગ્રણી હનીફભાઈ મુસાભાઈ શેખાણી એ ગરીબ માણસો ને ગરમ કોટ જરકિન નું વિતરણ કરી ગરીબોને મદદ તો કરી પરંતુ ગરીબો ઠંડીથી ઠુઠવતા તેવા રાહત પણ પહોંચાડી હતી.



# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ ખાતે વિદ્યાર્થીઓએ તુલસી દિવસની ઉજવણી કરી






અમરેલી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તથા જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એકસેલેન્સના બાલમંદિરથી ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા તુલસી દિવસની ઉજવણી કરી જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ખુબ જ ઉત્સાહ સાથે તુલસીના રોપાનું વાવેતર કરીને ભારતીય સંસ્કૃતિ મુજબ તિલક કરવામાં આવ્યા. તુલસીની મહત્વતા અને આરોગ્ય લક્ષી તેમજ આધ્યાત્મિકતા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. જેથી વિદ્યાર્થીઓમાં અભ્યાસની સાથે ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન વધે તેવી ઉમદા આશા સાથે આ ઉજવણી કરવામાં આવેલ હતી.

## ૬ મહિના પહેલા તમામ વર્ગોની માન્યતા રદ થઈ છતાં પણ

# હે રામ : સાવરકુંડલામાં નિયમ વિરૂધ્ધ શાળાનો ધમધમાટ

**૩ શાળાની માન્યતા રદ થતાં ૨ શાળા બંધ થઈ અને ૧ શાળા હજુ ધમધમી રહી છે**

**શિક્ષણ વિભાગ દ્વારા ટીમની રચના કરવામાં આવી અને જેનાં અહેવાલનાં આધારે માન્યતા રદ થઈ છે**

**સ્થાનિકથી લઈને જિલ્લા કક્ષાનાં અધિકારીઓ ગાંધીનગરથી જવાબ આવે તેની રાહ જોઈ રહ્યા છે**

**અમરેલી જિલ્લામાં આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રમાં અનિયમિતતાની ભરમાર જોવા મળી રહી છે**



સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલાની ૩ શાળાની માન્યતા રદ્દ કરવા આજે ગાંધીનગરમાં આખરીનિર્ણય લેવાશે.અગાઉ અમરેલી જિલ્લામાં ૫ શાળાની માન્યતા રદ્દ થઈ ચૂકી છે.અમરેલી જિલ્લામાં શિક્ષણ જગતમાં ચાલતી પોલમપોલ હવે ખુલીને સામે આવી રહી છે અને પાછલા કેટલાક દિવસોમા પાંચ શાળાની માન્યતા રદ કરવા કાર્યવાહી થયા બાદ આવતીકાલે સાવરકુંડલાની વધુ ત્રણ શાળાની માન્યતા રદ કરવા અંગે આખરી ચુકાદો આવશે. અહી શિક્ષણ તંત્રએ જૂન ૨૦૨૪થી જ તમામ વર્ગોની માન્યતા રદ કરી દીધી હોવા છતાં જર્જરિત બિલ્ડીંગમાં શાળા ચાલુ રાખી સંચાલકોએ છાત્રોના જીવ પર જોખમ ઉભુ કર્યુ છે.

સાવરકુંડલાની ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળા, મનીષા પ્રાઈમરી સ્કુલ અને રાજ એકેડમી સ્કુલના તમામ વર્ગોની માન્યતા અગાઉ જ રદ થઈ ગઈ છે જેમાંથી બે સ્કુલોએ તો છાત્રોને ભણાવવાનુ બંધ કરી દીધુ છે. જયારે ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળા આવા સંજોગોમાં પણ હજુ ધમધમી રહી છે. તંત્રને અગાઉ આ ત્રણેય શાળામાં અનેક પ્રકારની ગેરરીતિ અને નિતી નિયમો નેવે મુકીને ચલાવવામાં આવતી હોવાની રજુઆત મળી હતી. જેથી ત્રણ તાલુકાના પ્રાથમિક શિક્ષણાધિકારીઓની અધ્યક્ષતામાં સ્પેશયલ ઈમવેસ્ટીગેશન ટીમ (સીટ) બનાવી તપાસ કરાવવામા આવી હતી. જેમાં ટીમને વિવિધ ગેરરીતિઓ જણાતા ત્રણેય શાળાની તમામ વર્ગોની માન્યતા રદ કરી દેવામા આવી હતી.

ત્યારબાદ આરટીઈ હેઠળ નિયમ મુજબ વધુ એક ખાસ તપાસ કમિટી બનાવવામાં આવી હતી. જેમાં રાજુલા શિક્ષણાધિકારી, અમરેલી શિક્ષણવિદ, સાવરકુંડલા જાહેર ક્ષેત્રના લોકપ્રતિનિધી, અમરેલી પ્રિન્ટ મીડિયા જગતના અગ્રણીનો સમાવેશ કરાયો હતો. જેણે થોડા સમય પહેલા રૂબરૂ સ્થળ વિઝીટ કરી હતી અને આ કમિટીએ પણ શાળાની અનેક ત્રુટીઓ અંગે રીપોર્ટ આપતા તેની માન્યતા રદ કરવાની દરખાસ્ત કરી અહીના શિક્ષણ વિભાગે ગાંધીનગર ખાતે મોકલી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સ્થાનિક શિક્ષણ કચેરીને માત્ર શાળાના વર્ગોની માન્યતા રદ કરવાનો અધિકાર છે.

જયારે શાળાની માન્યતા ગાંધીનગરથી રદ થઈ શકે છે. તમામ વર્ગોની માન્યતા રદ થવા છતાં હાલમાં ઘનશ્યામ મહારાજ શાળા એકદમ જર્જરિત બિલ્ડીંગમાં સંચાલકોએ હજુ પણ ચાલુ રાખી છે. જેના કારણે જોખમી બિલ્ડીંગથી છાત્રો પર સતત જોખમ ઝળુંબી રહ્યું છે. જો કે ગાંધીનગરમાં નિયામકને થયેલી દરખાસ્ત અંગે આવતીકાલે અંતિમ સુનાવણી છે અને ત્યારબાદ શાળાની માન્યતા રદ કરવા અંગે આખરી નિર્ણય આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ અમરેલી જિલ્લાના શિક્ષણ તંત્રએ જિલ્લાની પાંચ શાળાની માન્યતા રદ કરવા શિક્ષણ વિભાગને દરખાસ્ત મોકલી છે.

આરટીઈના છાત્રોને અન્ય સ્કૂલમાં ફેરવાયા છે. નાયબ શિક્ષણાધિકારી અમરેલી જિલ્લા નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી જે.એમ. સોલંકીએ જણાવ્યું હતુ કે, સાવરકુંડલાની આ ત્રણેય સ્કુલમાં આરટીઈ હેઠળ ભણતા છાત્રોને નજીકની સ્કુલોમાં ફેરવી દેવાયા છે. વાલીઓની સંમતિથી જે સ્કુલ નજીક પડતી હોય ત્યાં તેમને પ્રવેશ અપાયો છે. જયારે બાકીના છાત્રો પણ પોતાની અનુકુળતા મુજબ નજીકની સ્કુલમાં એડમીશન લે છે.

આજે શિક્ષણ નિયામક સમક્ષ ચાલશે હિયરીંગ. આજે ફાઈનલ હીયરીંગ રાજયના પ્રાથમિક શિક્ષણ નિયામક સમક્ષ ચાલશે. જેમાં સ્કુલને જયાં મંજુરી અપાઈ હતી તેના બદલે બીજા જ સ્થળે વર્ગો અને સ્કુલ ચાલતા હોવા સહિતના મુદા પર ફેંસલો આવશે.

તમામ વર્ગોની માન્યતા રદ થવા છતાં ઘનશ્યામ મહારાજ શાળા ચાલુ હોય સંચાલકોને ચાલુ હોય સ્થાનિક શિક્ષણ કચેરી દ્વારા ગત સપ્તાહે સ્કુલ નોટીસ ફટકારવામા આવી હતી. જો કે સંચાલકોએ અમારી અપીલ ચાલુ છે તેવો ઉડાઉ જવાબ આપી શાળાના વર્ગો ચાલુ રાખ્યા છે. જયારે બબ્બે તપાસ કમિટીએ સ્થળ તપાસ કરી શાળા બિલ્ડિંગ જ જોખમી હોવાનો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હોય છતાં બાળકોને બિલ્ડિંગમાં બેસાડવામાં આવે અને અંતે અકસ્માતે કોઈ દુર્ઘટના ઘટે તો કોણ જવાબદાર...?!

સાવરકુંડલા શહેરના સીઆસી મહિલા અધિકારી કે જેમના તાબા હેઠળ આ શાળા આવે છે. તેમને રૂબરૂ ધ્યાન દોરતા એમણે કહ્યું કે, મારે એ જોવાનું ન હોય..! મને તો જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જેટલી સૂચના આપે એટલીજ કામગીરી કરવાની હોઈ..!!

છે ને બાકી કમાલ..! દરેક કલસ્ટરમાં બીઆરસી અને સીઆરસીની તમામ જવાબદારી હોય છે. ત્યારે આવો જવાબ, લાખો રૂપિયા પગાર લેતા અધિકારી આપે ત્યારે આપણને તેની યોગ્યતા ઉપર શંકા ઉપજે.

## છેલ્લા પાંચ દિવસથી રીપેરીંગ ચાલી રહયુ હોય

# જાફરાબાદમાં ભરશિયાળે પીવાના પાણીની સમસ્યાથી શહેરીજનો ત્રાહીમામ

**પાલિકાનાં શાસકોએ શહેરીજનોની સુવિધા જાળવવી જરૂરી**

જાફરાબાદ, તા. ૨૫

જાફરાબાદ નગરપાલિકા બની જનતાને ટેન્શન આપતી પાલિકા પંદરથી વિસ દિવસ સુધી જીવનજરૂરી પાણી દેવામાં થતાં ઠાગાઠૈયા જાફરાબાદ નગરપાલિકા નાગરિકોની સવલતો પૂરી પડવાને બદલે ટેન્શન આપી રહી હોય તેવો ઘાટ સર્જાયો છે. સામાકાંઠા વિસ્તારમાં અમુક સોસાયટીમાં જીવનજરૂરી પાણી આપવામાં થતાં ઠાગાઠૈયા બાલકૃષ્ણ સોસાયટી તથા સાંઈ મંદિર વિસ્તાર તેમજ અન્ય વિસ્તારોમાં ૧૫ થી ૨૦ દિવસ સુધી પાણી વિતરણ કરાયું ન હોવાથી અહીંના લોકો દ્વારા વાલમેનને તા/૨૨/૧૨/૨૦૨૪ ના રોજ ફોન કરતાં તેઓ દ્વારા જણાવાયું કે જે સાંઈ મંદિર તેમજ બાલકૃષ્ણસોસાયટી ની લાઈન રિપેરિંગ કામ ચાલુ હોય રિપેરિંગ થાય ત્યારે પાણી આપવામાં આવશે તેવું જણાવ્યું હતું આજે ચાર દિવસ થયા હોવા છતાં પાઈપલાઈન રિપેરિંગ કામ પુઢ કરવા ન આવતા આજુબાજુના વિસ્તારના લોકોમાં રોષ વ્યાપી ગયો છે. કારણકે અહીં અવારનવાર પાણી વિતરણ પંદરથી વીસ દિવસ સુધી કરવામાં આવતું નથી તા/૨૫ ના રોજ રિપેરિંગ કામ પૂર્ણ થઈ જવા છતાં પણ પાણી વિતરણ કરવામાં ન આવતા પાલિકા સામે મહિલાઓમાં રોષ જોવા મળી રહ્યો છે. પરંતુ જવાબદાર અધિકારી જયાં રિપેરિંગ કામ ચાર દિવસ થયા હોવા છતાં થર ઉપર તપાસ તો ઠીક પરંતુ ડોકાવા પણ આવતા નથી આમજનતા ને જીવનજરૂરી પાણી આપવામાં પણ આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં છે. પાલિકા વહીવટી તંત્ર આ બાબતની ગંભીરતા ક્યારે લેવામાં આવ છે. તાત્કાલિક ધોરણે પાઈપલાઈન રીપેરીંગ કરાવીને લોકોને જીવનજરૂરી પાણી તાત્કાલિક ધોરણે વિતરણ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

# રાજુલા શહેર યુવા ભાજપ પ્રમુખ ચિરાગ જોશીનો આજે જન્મ દિવસ

રાજુલા, તા. ૨૫

રાજુલા બ્રહ્મ સમાજના આગેવાન એવા પ્રતાપરાય જોશી (સેફા દાદા) ના પુત્ર તેમજ રાજુલા શહેર યુવા ભાજપના પ્રમુખ સતત ભારતીય જનતા પાર્ટી અને બ્રહ્મ સમાજમાં ચિરાગભાઈ પ્રતાપરાય જોશીનો આજે જન્મદિવસ છે આ યુવા તરવૈયાનો આજે જન્મદિવસ છે ત્યારે આ યુવાન દ્વારા અનેકવિધ સેવાકીય કાર્યો કર્યા છે ત્યારે તેમના જન્મદિવસ નિમિત્તે તેમના મોબાઈલ નંબર ૯૯૭૪૧ ૪૭૮૧૨ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.



ભારતીય જનતા પાર્ટી દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે

ચિરાગ પી જોશી દ્વારા છેલ્લા ઘણા સમયથી ભારતીય જનતા પાર્ટીમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે તેમજ તેમના પિતા બ્રહ્મ સમાજના અડીખમ આગેવાન છે જેને બ્રહ્મ સમાજમાં અનેક સેવાકી કાર્યો કર્યા છે ત્યારે આજે તેમના જન્મદિવસ નિમિત્તે બ્રહ્મ સમાજ તેમજ




























### ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાનો મામલો

# બાબાસાહેબની મૂર્તિને ખંડિત કરનાર આરોપીઓનો વરઘોડો કાઢ્યો, કાન પકડી માફી મંગાવી

**ખોખરા પોલીસે આ આરોપીઓનું સરઘસ કાઢ્યું અને જાહેરમાં માફી મંગાવી હતી હાલ, પોલીસે અન્ય ત્રણ આરોપીઓને પણ ઝડપી લીધા છે**

અમદાવાદ,તા. ૨૫

અમદાવાદના ખોખરામાં કે. કા. શાસ્ત્રી કૉલેજ સામે જયંતિ વકીલની ચાલી બહાર ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ખંડિત કરવાનો વિવાદ વકર્યો હતો. બાદમાં આ મામલે ક્રાઈમ બ્રાન્ચે બે આરોપીઓની ધરપકડ કરી ખોખરા પોલીસને સોંપ્યા હતા. ખોખરા પોલીસે આ આરોપીઓનું સરઘસ કાઢ્યું અને જાહેરમાં માફી મંગાવી હતી. હાલ, પોલીસે અન્ય ત્રણ આરોપીઓને પણ ઝડપી લીધા છે.ખોખરા પોલીસ બંને આરોપીઓને ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન માટે લઈ ગઈ હતી. બાદમાં આ આરોપીઓનું સરઘસ કાઢવામાં આવ્યું હતું અને બંને આરોપીઓ પાસે જાહેરમાં માફી મંગાવવામાં આવી હતી. ડૉ. આંબેડકરનું નાક તોડનાર આરોપીઓએ કાન પકડીને જાહેરમાં લોકોની માફી માંગી હતી. પોલીસે આ બંને આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતાં, જ્યાં કોર્ટે આરોપીઓના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતાં. આ મામલે વધુ તપાસમાં ક્રાઈમ બ્રાન્ચે બુધવારે (૨૫ ડિસેમ્બર) બીજા ત્રણ આરોપી ચેતન ઠાકોર, જયેશ ઠાકોર અને મુકેશ ઠાકોરને પણ ઝડપી લીધા છે. નોંધનીય છે કે, સમગ્ર વિવાદ બાદ સ્થાનિક દલિત આગેવાનોએ બાબાસાહેબની ખંડિત મૂર્તિ દૂર કરી ત્યાં નવી મૂર્તિનું અનાવરણ કર્યું છે. આ સાથે જ ત્રણ દિવસથી ચાલી રહેલા આંદોલનનો પણ અંત આવ્યો છે. આ સાથે દલિત આગેવાનોએ પોઈન્ટ પર સીસીટીવી કેમેરા મૂકવાની માંગ કરી છે. અમદાવાદ શહેરના ખોખાર વિસ્તારમાં આવેલી જયંતિ વકીલની ચાલીની બહાર બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા મૂકવામાં આવી છે. જેને કેટલાક અસામાજિક તત્ત્વો દ્વારા આંબેડકર સાહેબની પ્રતિમાનું નાક તોડી નાખવામાં આવ્યું છે.વહેલી સવારે જ્યારે લોકો ત્યાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ધ્યાને પડ્યું હતું. બાબા સાહેબની પ્રતિમાને ખંડિત કરી અપમાન કરવામાં આવતાં સ્થાનિક લોકોની લાગણીને ઠેસ પહોંચી છે અને લોકોના ટોળેટોળા ભેગા થઈ ગયા હતા. બાબાસાહેબની પ્રતિમા ખંડિત કરવાના મામલે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સ્થાનિકોએ રોડ પર બેસી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. તેમજ સતત ત્રણ દિવસથી આંબેડકરના અપમાન મુદ્દે દલિત આગેવાનો દ્વારા ધરણાં પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

### નાસાના પાર્કરે રચ્યો ઇતિહાસ

# સૂર્યની સૌથી નજીક પહોંચનાર પ્રથમ અવકાશયાન બન્યું

**સાંજે ૫:૧૦ વાગ્યે અમેરિકન સ્પેસ એજન્સીનું આ અવકાશયાન સૂર્યની સૌથી નજીકથી પસાર થયું હતું**

વૉશિંગ્ટન, તા. ૨૫

નાસાના સોલાર પ્રોબ પાર્કરે નવો ઈતિહાસ રચ્યો છે. સાંજે ૫:૧૦ વાગ્યે અમેરિકન સ્પેસ એજન્સીનું આ અવકાશયાન સૂર્યની સૌથી નજીકથી પસાર થયું હતું. મનુષ્ય દ્વારા બનાવવામાં આવેલ આ પહેલું અવકાશયાન છે જે સૂર્યની આટલી નજીક પહોંચ્યું છે. નાસાના જણાવ્યા અનુસાર સૂર્યથી અવકાશયાનનું અંતર માત્ર ૬૧ લાખ કિમી હતું. આ પહેલા સૂર્યની સૌથી નજીક જતું અવકાશયાન લગભગ ૪૩ મિલિયન કિલોમીટરના અંતરેથી પસાર થયું હતું. પાર્કર તેના કરતા લગભગ ૭ ગણું નજીક ગયું હતું.પૃથ્વીથી સૂર્યનું અંતર અંદાજે ૧૫ કરોડ કિલોમીટર છે, અત્યારસુધી વિશ્વમાં શરૂ કરાયેલા તમામ સૂર્ય મિશન સૂર્યથી કરોડો કિલોમીટર દૂરથી તેના રહસ્યો શોધી રહ્યા છે. અત્યારસુધીના સૂર્ય મિશનના ઈતિહાસમાં, તારાની સૌથી નજીક જતું અવકાશયાન નાસાનું હેલિયોસ-૨ હતું, જે ૧૯૭૬માં સૂર્યથી લગભગ ૪૩ મિલિયન કિલોમીટરના અંતરેથી પસાર થયું હતું.આજે જ્યારે નાસાનું આ અવકાશયાન સૂર્યની સૌથી નજીક પહોંચ્યું ત્યારે તેની ઝડપ ૬ લાખ ૯૨ હજાર ૧૭ કિલોમીટર પ્રતિ કલાક હતી, જે ૧૯૦ કિલોમીટર પ્રતિ સેકન્ડની ઝડપ કરતાં પણ વધુ છે. નાસાનો દાવો છે કે અત્યારસુધી બનાવવામાં આવેલ કોઈપણ માનવીય પદાર્થની સરખામણીમાં તેની ઝડપ સૌથી વધુ છે. જે એક નવો રેકોર્ડ પણ છે. નાસાના જણાવ્યા અનુસાર, અત્યારસુધી કોઈ અવકાશયાન કોઈ પણ તારાની નજીકથી અને આટલી ઝડપે પસાર થયું નથી.નાસા અનુસાર, આ અવકાશયાન ૧૩૭૧ ડિગ્રી સેલ્સિયસ સુધીના તાપમાનનો સામનો કરી શકે છે, જ્યારે તે સૂર્યની નજીકથી પસાર થયું ત્યારે તેનું તાપમાન લગભગ ૯૮૨ ડિગ્રી સેલ્સિયસ એટલે કે, ૧૮૦૦ ફેરનહીટની આસપાસ હતું. આ મિશન આગામી ત્રણ દિવસ સુધી સૂર્યના વાતાવરણમાં રહેશે. સૂર્યના આ વિસ્તારને પેરિહેલિયન કહેવામાં આવે છે. અત્યારસુધી આ અવકાશયાન ૨૧ વખત સૂર્યની આસપાસ પરિક્રમા કરી ચૂક્યું છે, પરંતુ પહેલીવાર તે આટલું નજીક આવ્યું છે.સૂર્ય હાલમાં સૌથી વધુ સક્રિય છે, જેને સૌર મહત્તમ કહેવાય છે. આવી સ્થિતિમાં, એવું માનવામાં આવે છે કે આ વાહન સૂર્ય વિશે ઘણી મહત્વપૂર્ણ માહિતી એકત્રિત કરી શકે છે, જો કે, આ વાહન તુરંત જ આ માહિતી નાસાને મોકલી શકશે નહીં. કારણ કે, હાલમાં તે નાસા સાથે સંપર્કથી બહાર છે. સૂર્યનું વાતાવરણ છોડતાની સાથે જ તે ૨૭ ડિસેમ્બરે ફરી એકવાર નાસા સાથે સંપર્ક સ્થાપિત કરશે અને ત્યારબાદ માહિતી મોકલશે.

### રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુએ પણ શ્રદ્ધાંજલી અર્પી

# મોદીએ વાજપેયીને તેમની ૧૦૦મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી

**રાજકીય અસ્થિરતાના સમયે વાજપેયી સરકારે લીધેલા પગલાંએ દેશને નવી દિશા અને નવી ગતિ આપી : મોદી**

નવી દિલ્હી, તા. ૨૫

પીએમ મોદીએ દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીને તેમની ૧૦૦મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી છે. આ અવસર પર, પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરની એક પોસ્ટમાં કહ્યું હતું કે તેમનું વિઝન અને મિશન વિકસિત ભારતના સંકલ્પને બળ આપવાનું ચાલુ રાખશે."

દેશના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુએ, દિલ્હી સ્થિત અટલ બિહારી વાજપેયીના સમાધિસ્થળે જઈને શ્રદ્ધાંજલી અર્પી હતી.

પીએમ મોદી રાજઘાટ પર અટલ મેમોરિયલ પહોંચ્યા અને તેમને શ્રદ્ધાંજલિ આપી. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે અટલ બિહારી વાજપેયીએ પોતાનું જીવન એક મજબૂત, સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સમર્પિત કર્યું.

વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિના અવસર પર વડાપ્રધાન મોદીએ નમો એપ પર એક લેખ પણ શેર કર્યો છે. જેમાં તેમણે કહ્યું છે કે પૂર્વ વડાપ્રધાને જે રીતે બંધારણીય મૂલ્યોનું જતન કરીને દેશને એક નવી દિશા અને ગતિ આપી છે, તેની અસર હંમેશા 'અચળ' રહેશે. તેમણે કહ્યું, "તેમનુ ભરપુર સાનિધ્ય અને આશીર્વાદ મળ્યાં એ મારું સૌભાગ્ય છે."

પીએમ મોદીએ રાજકીય અસ્થિરતાના સમયમાં અટલ બિહારી વાજપેયીના નેતૃત્વની પ્રશંસા કરી અને કહ્યું કે ૨૧મી સદીને ભારતની સદી બનાવવા માટે તેમની એનડીએ સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાઓએ દેશને નવી દિશા અને નવી ગતિ આપી.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે પણ અટલ મેમોરિયલ જઈને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પણ અટલ મેમોરિયલ ગયા હતા અને વાજપેયીને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ આપી હતી.

એનડીએના સંયોજક અને આંધ્રપ્રદેશના મુખ્ય પ્રધાન એન ચંદ્રબાબુ નાયડૂએ પણ રાજઘાટ સ્થિત પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના સમાધિ સ્થળે જઈને વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલી અર્પી હતી.

### ચૂંટણી પહેલાં અરવિંદ કેજરીવાલનો દાવો

# આતિશીની ધરપકડ થઈ શકે છે અને મારા ઘરે પણ દરોડા પડશે

**અરવિંદ કેજરીવાલે આશંકા વ્યક્ત કરી કે, ટ્રાન્સપોર્ટ વિભાગના એક કેસ હેઠળ આવું કરવામાં આવી શકે છે**

નવી દિલ્હી, તા. ૨૫

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં ચૂંટણી પહેલા આશંકા વ્યક્ત કરી છે કે મુખ્યમંત્રી આતિશીની ધરપકડ થઈ શકે છે. કેજરીવાલે બુધવારે આતિશી, મનીષ સિસોદિયા અને સંજય સિંહ સાથે પ્રેસ કોન્ફરન્સ કરીને દાવો કર્યો છે કે, ફરી મારા પર દરોડા પડશે. કેજરીવાલે આશંકા વ્યક્ત કરી કે, ટ્રાન્સપોર્ટ વિભાગના એક કેસ હેઠળ આવું કરવામાં આવી શકે છે.

અરવિંદ કેજરીવાલે કહ્યું કે, મને સૂત્રો પાસેથી માહિતી મળી છે. પૂર્વ સીએમએ કહ્યું, 'અમને અમારા સૂત્રો પાસેથી ૩-૪ દિવસ પહેલા ખબર પડી હતી કે ઈંઢ, ઝ્રૈં અને ઈક્રમ ટેક્સની મીટિંગ થઈ હતી. તે મીટીંગમાં ઉપરથી આદેશ આવ્યો કે કોઈ પણ નકલી કેસ કરીને આતિશીની ધરપકડ કરવામાં આવે. હું સંપૂર્ણ જવાબદારી સાથે આરોપ લગાવું છું કે, આ ત્રણેય એજન્સીઓને કહેવામાં આવ્યું છે કે કોઈ પણ નકલી કેસ દાખલ કરીને આતિશીની ધરપકડ કરો.

AAP સુપ્રીમોએ કહ્યું કે, 'ચૂંટણી તૈયારીઓથી રોકવા માટે મારા પર, મનીષ સિસોદિયા, સંજય સિંહ, આતિશી, સૌરભ ભારદ્વાજ પર દરોડા પાડવામાં આવશે. સૂત્રો પાસેથી એવી પણ માહિતી મળી છે કે ટ્રાન્સપોર્ટ વિભાગમાં નકલી કેસ તૈયાર કરવામાં આવી રહ્યો છે. તેમનો ઈરાદો મહિલાઓ માટે મફત મુસાફરી બંધ કરવાનો છે. ટ્રાન્સપોર્ટ વિભાગમાં ખોટો કેસ તૈયાર કરવામાં આવી રહ્યો છે. અમને ખાતરી છે કે લોકો ગંદા ષડયંત્રનો જવાબ આપશે. દેશની જનતા આ પ્રકારની રાજનીતિ પસંદ નથી કરતી.' આતિશીએ કહ્યું, અમને પાક્કી માહિતી મળી છે કે દિલ્હીમાં મહિલાઓ માટે મફત મુસાફરી બંધ કરવા માટે ટ્રાન્સપોર્ટ વિભાગમાં એક બનાવટી કેસ દ્વારા મારી વિરુદ્ધ નકલી કેસ દાખલ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. અમે હંમેશા ઈમાનદારી સાથે કામ કર્યું છે અને હંમેશા કરતા રહીશું. મને વિશ્વાસ છે કે જો એજન્સીઓ મારી ધરપકડ કરશે તો આખરે સત્ય બહાર આવશે. મને દેશની ન્યાય વ્યવસ્થામાં પૂરો વિશ્વાસ છે. જે રીતે વરિષ્ઠ નેતાઓને બનાવટી કેસોમાં પકડવામાં આવ્યા અને પછી બધાને જામીન મળી ગયા. મને બંધારણ અને ન્યાય વ્યવસ્થા પર પૂરો વિશ્વાસ છે. તમે અમારા પર ખોટા કેસ કરીને દિલ્હીવાસીઓની સુવિધાઓ રોકવા માગો છો, દિલ્હીની જનતા બધું જોઈ રહી છે.

### ચોથી ટેસ્ટ મેલબોર્નના મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમાશે

# ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચોથી ટેસ્ટ આજથી શરૂ થશે

**ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચોથી ટેસ્ટ મેચના સમય ભારતીય સમય અનુસાર ટોસ સવારે ૪.૩૦ કલાક હશે**

નવી દિલ્હી, તા. ૨૫

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પાંચ મેચની ટેસ્ટ સિરીઝ ડ્રામા અને એક્શનથી ભરપૂર હોવાની અપેક્ષા હતી. આ પ્રથમ ત્રણ મેચમાં જોવા મળ્યું છે અને મેલબોર્નમાં યોજાનારી ચોથી મેચમાં તેમાં વધુ વધારો થવાની આશા છે. જસપ્રીત બુમરાહના મેચ-વિનિંગ સ્પેલ અને કેએલ રાહુલે તેના ટીકાકારોના મોઢા બંધ કરી દીધો તો બીજી તરફ ટ્રાવિસ હેડે ભારતીય ખેલાડીઓને તોડી નાંખ્યા એટલું જ નહીં મોહમ્મદ સિરાજ સાથે તેનો વિવાદ જેવી હાઈવોલ્ટેજ ડ્રામા અત્યાર સુધીની ૩ સિરીઝમાં જોવા મળી છે.

ત્યારે હજુ બે ટેસ્ટ મેચ બાકી છે. આવી સ્થિતિમાં સિરીઝના છેલ્લા તબક્કામાં વધુ ડ્રામા જોવા મળી શકે છે. ભારતે પર્થમાં પ્રથમ ટેસ્ટ જીતી હતી. ઓસ્ટ્રેલિયાએ એડિલેડમાં બીજી ટેસ્ટ જીતીને સિરીઝમાં વાપસી કરી છે. બ્રિસ્બેનમાં ત્રીજી મેચ ડ્રો રહી હતી. હવે ચોથી મેચ વધુ રોમાંચક બની શકે છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચોથી ટેસ્ટ મેલબોર્નના મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં ૨૬ થી ૩૦ ડિસેમ્બર દરમિયાન રમાશે. ઑસ્ટ્રેલિયામાં અલગ-અલગ ટાઈમ ઝોનને કારણે દરેક શહેરના સમયમાં થોડો તફાવત છે. આ કારણે અલગ-અલગ શહેરોમાં મેચનો સમય પણ અલગ-અલગ હોય છે. પર્થમાં પ્રથમ ટેસ્ટ મેચ સવારે ૭.૫૦ વાગ્યે શરૂ થઈ હતી. એડિલેડમાં સવારે ૯.૩૦ કલાકે ડે-નાઈટ ટેસ્ટ મેચ શરૂ થઈ હતી. બ્રિસ્બેનમાં ત્રીજી મેચ દરમિયાન, દિવસની રમતનો સમય સવારે ૫:૫૦ હતો. હવે મેલબોર્નમાં પણ મેચનો સમય બદલાઈ ગયો છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચોથી ટેસ્ટ મેચના સમય ભારતીય સમય અનુસાર ટોસ સવારે ૪.૩૦ કલાક હશે. જ્યારે મેચ વહેલી સવારે ૫ વાગ્યે શરૂ થશે.

બોક્સિંગ ડે ટેસ્ટનું સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક પર જીવંત પ્રસારણ કરવામાં આવશે. તે ડિઝની પ્લસ હોટસ્ટાર વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન પર પણ લાઈવ સ્ટ્રીમ કરવામાં આવશે. મેચનું દૂરદર્શન સ્પોર્ટ્સ પર પણ જીવંત પ્રસારણ કરવામાં આવશે. સ્ટાર સ્પોર્ટ્સના બંને પ્લેટફોર્મ પર ફેન્સ ફ્રીમાં મેચ જોઈ શકશે નહીં. ડીડી ફ્રી ડીશ ધરાવતા દર્શકો ડીડી સ્પોર્ટ્સ પર આ મેચ ફ્રીમાં જોઈ શકે છે.

### NDAના સાથી પક્ષે ડીએમકેને કરી ઓફર

# દક્ષિણ ભારતમાં ભાજપને મોટા ઝટકાની તૈયારી

**પીએમકેએ જણાવ્યું કે, જો વન્નિયાર સમુદાયને અતિ પછાત વર્ગ (એમબીસી) ક્વોટામાં ૧૫ ટકા અનામત આપવામાં આવે તો તે તમિલનાડુની ડીએમકે સરકારને સમર્થન આપવા તૈયાર છે**

ચેન્નાઈ, તા. ૨૫

કેન્દ્રમાં ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારના સહયોગી પક્ષ પીએમકે નારાજ થયું હોવાના અહેવાલો મળ્યા છે. ઉત્તર તમિલનાડુના વન્નિયાર સમુદાયમાં વર્ચસ્વ ધરાવતા પીએમકેએ મુખ્યમંત્રી સ્ટાલિનના નેતૃત્વ હેઠળની ડીએમકેને ઑફર આપી સૌ કોઈને ચોંકાવી દીધા છે. પીએમકેએ જણાવ્યું કે, જો વન્નિયાર સમુદાયને અતિ પછાત વર્ગ (એમબીસી) ક્વોટામાં ૧૫ ટકા અનામત આપવામાં આવે તો તે તમિલનાડુની ડીએમકે સરકારને સમર્થન આપવા તૈયાર છે. સ્ટાલિનના નેતૃત્વ હેઠળની ડીએમકે કેન્દ્રીય સ્તરે વિપક્ષ I.N.D.I.A ગઠબંધનનો હિસ્સો છે. જો પીએમકે ડીએમકે સાથે જોડાઈ તો તમિલનાડુના રાજકારણમાં મોટો બદલાવ જોવા મળી શકે છે. પીએમકે અધ્યક્ષ અંબુમણિ રામદાસે જણાવ્યું હતું કે, જો ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી પહેલાં વન્નિયાર સમુદાયને અનામત આપવામાં આવે તો તે ડીએમકે પક્ષને સમર્થન આપશે. સંપૂર્ણપણે સમર્થન આપવાની શરતે પીએમકેએ ડીએમકેની સામે કોઈ પણ બેઠક પર ચૂંટણી ન લડવાનો નિર્ણય પણ જણાવ્યો છે.

તમિલનાડુમાં હાલ ૬૯ ટકા અનામતની વ્યવસ્થા છે. જેમાં ૩૦ ટકા અનામત પછાત વર્ગ, ૨૦ ટકા અતિ પછાત વર્ગ, ૧૮ ટકા એસસી અને ૧ ટકા એસટી સમુદાયને મળે છે. જેમાં પીએમકેએ અતિ પછાત વર્ગમાં ફાળવવામાં આવેલી ૨૦ ટકા અનામતમાંથી ૧૫ ટકા અનામતની માગ કરી છે. પીએમકેએ આ માગ કરતાં સુપ્રીમ કોર્ટના આદેશનો હવાલો આપ્યો હતો કે, એસસી કેટેગરીમાં ૩ ટકા અનામત અરૂંધતીયાર સમુદાયને આપવાનો નિર્ણય સુપ્રીમ કોર્ટે યોગ્ય ઠેરવ્યો છે.

તેવી જ રીતે અતિ પછાત વર્ગમાં વન્નિયાર સમુદાયને સ્થાન આપી શકાય.અંબુમણિ રામદાસે જણાવ્યું કે, ઈન્ટરનલ રિઝર્વેશનનો પ્રશ્ન કોઈ જાતિગત મુદ્દો નથી. પરંતુ સામાજિક ન્યાયનો મુદ્દો છે. વન્નિયાર સમુદાયની આર્થિક સ્થિતિ ખરાબ છે. તેઓ રોજમદાર છે. મજૂરી કરીને ગુજરાન ચલાવે છે. જો તેમને અનામતનો લાભ મળશે તો તેમનો શૈક્ષણિક અને વ્યવસાયિક વિકાસ થશે. ઉત્તર તમિલનાડુમાં વન્નિયાર સમુદાય છે. ઐતિહાસિક રૂપે આ સમુદાય ઓબીસીમાં વર્ગીકૃત હતો. પરંતુ ૧૯૮૦ના દાયકામાં સફળ આંદોલનો બાદ તેને અતિ પછાત કેટેગરીમાં સામેલ કર્યો. ૨૦૨૧માં વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીનો વોટ શેર ૪.૩૩ ટકા રહ્યો છે. જો આ માંગ સંતોષાય અને ડીએમકે તથા પીએમકે વચ્ચે ગઠબંધન થાય તો તે સત્તાકીય પક્ષનો જીતનો માર્ગ સરળ બનાવી નિર્ણાયક સાબિત થઈ શકે છે.

### અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલની શરૂઆત

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કાંકરિયા કાર્નિવલનું ઉદ્‌ઘાટન કર્યું

**૨૫ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી એટલે કે સાત દિવસ સુધી વિવિધ કાર્યક્રમો દ્વારા લોકોનું મનોરંજન કરવામાં આવશે**

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદમાં યોજાનારા કાંકરિયા કાર્નિવલનો આજથી પ્રારંભ થઈ ગયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કાંકરિયા કાર્નિવલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આજથી સાત દિવસ સુધી અમદાવાદના લોકો વિવિધ કાર્યક્રમ સાથે કાંકરિયા કાર્નિવલની મજા માણી શકશે. કાંકરિયા કાર્નિવલમાં દરરોજ વિવિધ કલાકારો પરફોર્મ કરશે સાથે અનેક ઈવેન્ટો પણ યોજાશે.

કાંકરિયા કાર્નિવલ દરમ્યાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનો માટે રંગારંગ સાંસ્કૃતિક તેમજ મનોરંજનના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. તે મુજબ આ વર્ષે પણ કાંકરિયા કાર્નિવલ ૨૦૨૪ દરમિયાન સાતેય દિવસ વિવિધ રંગારંગ સાંસ્કૃતિક અને મનોરંજનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

કાંકરીયા કાર્નિવલ ૨૦૨૪ દરમિયાન નગરજનોના મનોરંજન માટે સાતેય દિવસો દરમ્યાન વિવિધ રંગારંગ સાંસ્કૃતિક અને મનોરંજન કાર્યક્રમો અંતર્ગત જાણીતા કલાકારો જેમ કે, સાંઈરામ દવે, ગીતાબેન રબારી, કિંજલ દવે, રાગ મહેતા, ઈશાની દવે, કૈરાવી બુચ, પ્રિયંકા બાસુ, અપેક્ષા પંડ્યા, દેવિકા રબારી દ્વારા ગીત સંગીત તેમજ લોક ડાયરાના કાર્યક્રમો રજુ કરવામાં આવશે.

કાર્નિવલ દરમિયાન મનન દેસાઈ, દિપ વૈદ્ય, ચિરાયુ મિસ્ત્રી, અમીત ખુવા, સુરજ બરાલીયા દ્વારા સ્ટેન્ડ અપ કોમેડી શો, અતુલ બ્રહ્મભટ્ટ દ્વારા ગઝલ કાર્યક્રમ, મેઘધનુષ, સરફીરે, એહસાસ બેન્ડ જેવા જાણીતા રોક બેન્ડ્સ દ્વારા રોક બેન્ડ પર્ફોર્મન્સ રજુ કરવામાં આવશે. તેમજ ડી. જે. કીયારા સાથે શહેરીજનો ડી. જે. નાઈટની મજા માણી શકશે.

લોક ડાયરો, બોલીવૂડ ફ્યુઝન, પોલીસ બેન્ડ, તલવાર રાસ, ટીપ્પણી ડાન્સ, જલતરંગ અને વાયોલીન તથા સંતુર વાદન, ફોક ડાન્સ, દેશભક્તિના ગીતો, નૃત્ય નાટીકા, સુફી ગઝલ જેવા વવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ છે. જુદા જુદા કલ્ચરલ ગ્રુપ દ્વારા માર્શલ આર્ટ અને સેલ્ફ ડિફેન્સ, સ્ટેન્ડ અપ કોમેડી કોમ્પીટીશન, ડ્રમ સર્કલ, બ્લેક કમાન્ડો પીરામીડ શૉ, સિંગિંગ અને ઈન્સ્ટ્રૂમેન્ટલ કોમ્પિટિશન, માઈમ અને નુક્કડ નાટક, મલખમ શૉ, ભારતીય ક્લાસિકલ ડાન્સ, લાઈફ સાઈઝ પપેટ શૉ, પેટ ફેશન શૉ, સ્વચ્છ ભારત-શ્રેષ્ઠ ભારત સ્કીટ, કવિતા પઠન, ગીત સંગીત અને ડાન્સ કોમ્પીટીશન જેવા કાર્યક્રમો તેમજ બાળકોના મનોરંજન માટે મેજીક શૉ તેમજ અન્ડર વોટર ડાન્સ પર્ફોર્મન્સ, હ્યુમન પાયરો શૉ, સાયકલ સ્ટન્ટ જેવા વિવિધ રંગારંગ કાર્યોક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. નેલ આર્ટ, ટેટુ મેકિંગ, જગલર, મહેંદી આર્ટ, ગેમીંગ ઈવેન્ટ, લાઈવ કરાઓકે, મ્યુઝિકલ ફાઉન્ટેન, કિડ્ઝ ડાન્સ, લાફીંગ ક્લબ, ડ્રોઈંગ કોમ્પીટીશન, ફીટનેશ ડાન્સ, વેલનેશ ટોક, સ્ટ્રેસ મેનેજમેન્ટ, મોટીવેશનલ ટોક, સાલસા ડાન્સ, આર્ટ્સ એન્ડ ક્રાફ્ટસ, માટીકલા, જ્વેલરી મેકીંગ, સોશિયલ મિડીયા, ફોટોગ્રાફી તથા ગાર્ડનીંગ જેવી પ્રવૃત્તિઓ અંગે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. નગરજનો દરરોજ સવારના સમયે પ્રાણાયામ, મેડિટેશન, યોગા, એરોબિક્સ, ઝુમ્બાનો લાભ લઈ શકશે.

કાંકરિયા પરિસરમાં અમદાવાદની સ્વાદપ્રિય જનતા માટે ફુડ કોર્ટ અને ફલી માર્કેટ (હેન્ડી ક્રાફ્ટ બજાર) ઉભા કરવામાં આવ્યું છે.કાંકરિયા કાર્નિવલની મુલાકાતે આવનાર લોકોના આકર્ષણરુપે દરરોજ લાઈટ એન્ડ સાઉન્ડ શૉ, લેસર શૉ તેમજ વી. આર. શૉનું આયોજન કરવામાં આવેલ છે. નગરજનો કાંકરિયા કાર્નિવલ ૨૦૨૪ દરમ્યાન કાંકરિયા પરિસરમાં આવેલ વિવિધ આકર્ષણો જેવા કે, કિડ્ઝ સિટી, પ્રાણી સંગ્રહાલય, નોક્ટર્નલ ઝુ, બાલવાટિકા, બટરફલાય ગાર્ડન, નગીના વાડી, મ્યુઝિકલ ફાઉન્ટેઈન તથા વિવિધ એમ્યુઝમેન્ટ અને રીક્રિએશન એક્ટિવીટીઝ, ફીશ એક્વેરિયમની મજા માણી શકશે.

ટ્રાફિકના નિયમો પણ જાણી લો : (૧) કાંકરિયા ચોકી ત્રણ રસ્તા થઈ રેલવે યાર્ડ થઈ ખોખરા બ્રિજ, દેડકી ગાર્ડન, સિદ્ધિ વિનાયક હોસ્પિટલ ચાર રસ્તા, મચ્છી પીર ચાર રસ્તા થઈ પુષ્પકુંજ સર્કલ થઈ અપ્સરા સિનેમા ચાર રસ્તા થઇ ફુટબોલ ચાર રસ્તા થઈ લોહાણા મહાજનવાડી થઈ પરત કાંકરિયા ચોકી સુધીના સર્કલ ઉપર તેમજ સમગ્ર કાંકરિયા તળાવ ફરતે ટુ વ્હીલરથી ઉપરના કોઈ પણ પ્રકારનાં વાહનો સ્ટોપ થઈ શકશે નહીં. વળી, તમામ વાહનો નિર્ધારિત પાર્કિંગ જગ્યા સિવાય બીજી કોઈ પણ જગ્યાએ પાર્ક થઈ શકશે નહીં.

(૨) સમગ્ર કાંકરિયા તળાવ ફરતે સર્કલ રોડ ટુ લેનમાં હોવા છતાં કોઈ પણ જગ્યાથી યુ ટર્ન લઈ શકાશે નહીં. આ સમગ્ર વિસ્તારને 'નો યુ ટર્ન' ઝોન તરીકે જાહેર કરવામાં આવે છે.

(૩) તેમજ પોલીસ કમિશનર, અમદાવાદ શહેર નાઓના આમુખમાં નિર્દિષ્ટ કરેલ જાહેરનામાઓથી શહેરમાં અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે તેવા તમામ પ્રકારના માલવાહક અને પેસેન્જર વાહનોની નીચે જણાવેલ માર્ગો પર સવાર કલાક ૮.૦૦થી રાત્રિના કલાક ૦૧.૦૦ સુધી અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

### મોંઘવારીનો ડામ! હવે રોટલીનો સ્વાદ બગડ્યો

# લોટના ભાવ ૧૫ વર્ષની સર્વોચ્ચ સપાટીને સ્પર્શ્યા

**આ વૃદ્ધિની સૌથી વધુ અસર ગ્રામીણ વિસ્તારો પર થઈ**

નવી દિલ્હી, તા. ૨૫

મોંઘવારીએ દાટ વાળ્યો છે. સામાન્ય લોકોના બજેટ ખોરવી નાખ્યા છે. શાકભાજી-ફળોના ભાવમાં હજુ ઘટાડો થયો નથી. ત્યાં ઘઉંના લોટના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. ઘઉંની કિંમતમાં વધારો નોંધાતા લોટની કિંમત ૧૫ વર્ષની ટોચે પહોંચી હોવાનો અહેવાલ આવ્યો છે. કંટાર રિપોર્ટ અનુસાર, આ વૃદ્ધિની સૌથી વધુ અસર ગ્રામીણ વિસ્તારો પર થઈ છે. પરિવાર પર ખર્ચનો બોજો વધ્યો છે. એફએમસીજી સેક્ટરનો ગ્રોથ મંદ પડ્યો છે.

ઘઉંના ભાવમાં તોતિંગ વધારાના કારણે ઘઉંના લોટની કિંમત રૂ. ૪૨ પ્રતિ કિગ્રાના સ્તરે પહોંચી છે. જે જાન્યુઆરી, ૨૦૦૯ કરતાં વધુ છે. ઘઉંનું વાવેતર ઘટતાં સરકાર પાસે પણ ઘઉંનો સ્ટોક માગ કરતાં ઓછો છે. જેથી કિંમતોમાં વધારો થઈ રહ્યો છે. શહેરી ક્ષેત્રોમાં ખાદ્ય ચીજો પર ફુગાવો ૧૧.૧ ટકાના દરે વધ્યો છે. મોટાભાગની એફએમસીજી પ્રોડક્ટ્સના ભાવ વધ્યા છે. ખાણીપીણીની ચીજોના ભાવ વધતાં એફએમસીજી કંપનીઓ કિંમતોમાં વધારો તેમજ પ્રમાણમાં ઘટાડો કરી રહી છે. જેના લીધે શહેરી વિસ્તારોમાં ઘરદીઠ ખર્ચ બે વર્ષમાં ૧૩ ટકા વધ્યો છે. દેશભરમાં મોંઘવારીનું પ્રમાણ વધી રહ્યું છે. કંટારના રિપોર્ટમાં અનુમાન લગાવવામાં આવ્યું છે કે, હાલ મોંઘવારીમાં કોઈ રાહત મળશે નહીં. આગામી થોડા સમય સુધી કિંમતો વધવાની ભીતિ પણ વ્યક્ત કરી છે. આગામી વર્ષના પ્રથમ છ માસમાં મોંઘવારીનો દર વધવાની આશંકા છે.

### ૨૬ ડિસેમ્બર બાળદિવસ નિમિતે

# અમરેલીમાં આજે જિલ્લા ભાજપ દ્વારા ''બૌધ્ધિ પરિસંવાદ'' યોજાશે

**ઓકસફર્ડ સ્કૂલ સાયન્સ સ્કૂલ ખાતે ૩ કલાકે કાર્યક્રમ**



અમરેલી, તા. ૨૫

દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વમાં તા.૨૬ ડીસેમ્બરને ''વીર બાળ દિવસ'' જાહેર કરેલ છે. શીખોના ૧૦માં ગુરૂ ગોવિંદસિંહજીનાં બે નાના પુત્રો જોરાવરસિંહ અને ફતેહસિંહની યાદમાં તા.૨૬ ડીસેમ્બર ૨૦૨૪નાં રોજ સમગ્ર દેશમાં ''વીર બાળ દિવસ'' તરીકે ઉજવણી થઈ રહી છે. આ દિવસનાં અનુસંધાને અમરેલી જિલ્લા ભાજપ દ્વારા અમરેલી ઓકસફર્ડ સાયન્સ સ્કૂલ ખાતે બપોરે ૩:૦૦ કલાકે એક ''બૌધ્ધિ પરિસંવાદ''નું આયોજન કરેલ છે. શીખોનાં છેલ્લા ગુરૂ ગોવિંદસિંહનાં પુત્રોની ઉદાહરણીય સાહસની ગાથાથી દેશ અને વિશ્વને અવગત કરવા ''વીર બાળ દિવસ''નું આયોજન કરવામાં આવી રહયું છે ત્યારે આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે ગુજરાત સરકારનાં પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ હાજર રહેશે. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાનાં વિવિધ સંસ્થાનાં પ્રતિનિધીઓ વિવિધ એસોસીએશનનાં આગેવાનઓ, વિવિધ જ્ઞાતિ સમાજનાં આગેવાનઓ, વેપારીઓ, ડોકટરઓ, વકીલઓ, શિક્ષકઓ, યુવાનો, વિદ્યાર્થીઓ તેમજ જિલ્લા ભાજપનાં હોદેદારઓ, સાંસદ, ધારાસભ્યઓ, સ્થાનિક સ્વરાજનાં ચુંટાયેલ તમામ પ્રતિનિધીઓ તેમજ તમામ મંડલનાં હોદેદારઓ સહીત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશે. તેમ જિલ્લા ભાજપ કાર્યાલયની યાદીમાં જણાવાયું છે.

### મેદસ્વિતાથી પીડિત લોકો માટે ગૂડ ન્યૂઝ

# વજન ઘટાડવા માટેની દવાને અમેરિકાએ આપી મંજૂરી

**આ દવા ઊંઘ દરમિયાન શ્વાસની તકલીફથી પીડાતા દર્દીઓ માટે બનાવવામાં આવી છે**

વૉશિંગ્ટન, તા. ૨૫

મેદસ્વિતા જેને સ્થૂળતા પણ કહેવાય છે. આ પણ એક જાતની બીમારી જ છે જેનાથી પીડિત લોકો ભારે ત્રસ્ત રહે છે. હવે મેદસ્વિતાથી પીડાતા લોકો માટે સારા સમાચાર સામે આવ્યા છે. અમેરિકાએ વજન ઘટાડવાની દવાને મંજૂરી આપી છે. તેને ટૂંક સમયમાં ભારતમાં પણ લોન્ચ કરવામાં આવી શકે છે. આ દવા ઊંઘ દરમિયાન શ્વાસની તકલીફથી પીડાતા દર્દીઓ માટે બનાવવામાં આવી છે. આ રોગને OSA તરીકે પણ ઓળખવામાં આવે છે. યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ તેને પ્રથમ વખત એન્ટિ-ડાયાબિટીક દવા તરીકે મંજૂરી આપી છે. તે Zepbound (Tirzepatide) તરીકે ઓળખાશે. પુખ્ત વયના લોકોમાં સ્થૂળતા-સંબંધિત OSA ને નિયંત્રિત કરવા માટે આ દવાને મંજૂરી આપવામાં આવી છે. જેનો ઉપયોગ વજન ઘટાડવા માટે પણ થાય છે.મધ્યમથી ગંભીર OSAની સારવાર હાલમાં મદદરૂપ શ્વસન ઉપકરણો જેમ કે CPAP અને Bi-Pap નો ઉપયોગ કરીને કરવામાં આવે છે. ઝેપબાઉન્ડ ઉત્પાદક એલોય લિલીએ જણાવ્યું હતું કે જો તમામ મંજૂરીઓ મળી જશે, તો અમે ભારતમાં આ ઈન્જેકશનને 2025 સુધીમાં Mounjaro બ્રાન્ડના નામ હેઠળ લોન્ચ કરીશું. દવાની કિંમત હજુ નક્કી કરવામાં આવી નથી.

# ''સહકારથી સમૃધ્ધિ'' : જિલ્લામાં નવી ૨૯ સેવા અને દૂધ સહકારી મંડળીઓનો પ્રારંભ



'સહકારથીસમૃદ્ધિ'નામંત્રને સાકાર કરવા ભારત અને ગુજરાત રાજય સરકાર કાર્યરત છે. સમગ્ર દેશમાં નવ રચિત બહુઉદ્દેશીય પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ, પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ તેમજ પ્રાથમિક મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓનું ઉદ્દ્ઘાટન ગૃહ અને સહકાર કેન્દ્રીય મંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, મંત્રી જગદીશ વિકર્મા, મંત્રીગણ, સહકારી અગ્રણીઓ સહિતના મહાનુભાવો તેમજ દિલ્હી ખાતે ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમનું લાઈવ પ્રસારણ અમરેલી સ્થિત અમર ડેરી ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહ અને મંત્રી જગદીશ વિકર્મા સહિતના મહાનુભાવોએ સહકારિતા ક્ષેત્રની પ્રવૃત્તિઓના આયોજન અને તેના દ્વારા થતી આર્થિક ઉન્નતિ વિશેની વિગતો તેમના પ્રવચનમાં જણાવી હતી. દેશમાં નવરચિત ૧૦ હજાર PACS, Dairy અને Fishery કો–ઓપરેટિવ સોસાયટીમાં રાજયની ૫૧૩ સહકારી સંસ્થાઓ અને અમરેલી જિલ્લામાં નવી નોંધાયેલ પાંચ સેવા સહકારી મંડળી તેમજ ૨૪ દૂધ સહકારી મંડળીઓને તેમના રજિસ્ટ્રેશનના આદેશ તથા ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ ૧૩ મંડળીઓને રૂા. ૧૧,૫૭,૫૦૦ની સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિવિધ સહાય હુકમ વિતરણના સહકારી કાર્યક્રમમાં અમરેલી જિલ્લા સહકારી મંડળી રજિસ્ટ્રાર સંદિપ ભટ્ટે જણાવ્યુ કે, અમરેલી જિલ્લામાં નવતર પહેલના ભાગરૂપે દિવ્યાંગજનોની સહકારી મંડળી શરૂ કરવામાં આવશે, આ માટેની કાર્યવાહી પ્રગતિ તળે છે. આગામી સમયમાં તેની નોંધણી સહિતની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આથી, સહકારી મંડળીને લગતી કામગીરી માટે અમરેલી જિલ્લાના દિવ્યાંગજનોને તેનો લાભ લેવા અનુરોધ છે. અમરેલી અમર ડેરી ખાતે યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા સહકારી મંડળી રજિસ્ટ્રાર સંદિપ ભટ્ટ, ડો. પટેલ, જયંતિભાઇ પાનસુરિયા, શંભુભાઇ, ભાવનાબેન ગોંડલિયા, ત્રાપસિયા, પ્રવીણભાઇ માંગરોળિયા, કોઠીયા, ધાર્મિકભાઇ રામાણી, અમરેલી જિલ્લા સહકારી ક્ષેત્રના અગ્રણીઓ, મહાનુભાવો, કર્મયોગીઓ, ખેડુત અને પશુપાલક ભાઇ–બહેનો અને અમરેલી જિલ્લા સહકારીમંડળી કચેરીના અધિકારી– કર્મયોગીઓ સહિતના જોડાયા હતા.


## Name has been changed

I hereby declarer, **Jayantibhai Parshotambahai Kakadia,** my old name has been changed from **Jaynitlal Parshotam bahai Kakadia** to **Jayantibhai Parshotam bahai Kakadia** So From now on I will be Known by this name.


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૧૮ | ૧૦૯૬ |
| ૨ | ગીરનારી શીંગ | ૮૮૦ | ૧૩૦૦ |
| ૩ | શિંગ મોટી | ૮૧૫ | ૧૨૧૬ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૧૫૬ |
| ૫ | તલ સફેદ | ૧૪૬૦ | ૨૭૨૭ |
| ૬ | તલ કાળા | ૩૫૦૦ | ૫૧૩૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૨૨૫ | ૩૨૨૫ |
| ૮ | બાજરો | ૫૬૧ | ૬૧૮ |
| ૯ | જુવાર | ૪૩૧ | ૯૯૬ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૬૭ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૪૬ | ૬૫૧ |
| ૧૨ | મગ | ૭૬૦ | ૧૭૮૧ |
| ૧૩ | અડદ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૧૪ | ચણા | ૯૦૧ | ૧૩૨૨ |
| ૧૫ | તુવેર | ૯૧૫ | ૧૫૨૧ |
| ૧૬ | કપાસ | ૮૯૦ | ૧૪૬૬ |
| ૧૭ | એરંડા | ૧૦૯૫ | ૧૨૦૭ |
| ૧૮ | જીરૂ | ૪૦૯૦ | ૪૪૩૦ |
| ૧૯ | ધાણા | ૧૨૫૦ | ૧૪૪૦ |
| ૨૦ | સોયાબીન | ૬૫૫ | ૮૩૨ |

## સાવરકુંડલા મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા મામલતદાર કચેરી ખાતે તા. ૨૪.૧૨.૨૪ના રોજ તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો જેમાં કુલ ચાર અરજદારોની અરજી આવી હતી આમ તો મહિનાના ચોથા બુધવારે યોજાતો તાલુકા સ્વાગત કાર્યક્રમ નાતાલની બુધવારે જાહેર રજા હોય ગતરોજ મંગળવારે યોજાયો હતો. જો કે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ખૂબ જ ઓછા અરજદારો હોય એ શામાટે આટલાં ઓછા અરજદારો હોય એ સંશોધનનો વિષય છે. સરકાર જયારે પોતાના તરફથી પૂરતી વ્યવસ્થા કરવા માટે પ્રતિબદ્ધ હોય ત્યારે અરજદારોની ઉદાસીનતા કેમ છે ? એ બાબતે અધિકારી લેવલે પણ ઊંડુ સંશોધન કરવા જેવું ખરૂ. ગતરોજ યોજાયેલ તાલુકા સ્વાગત કાર્યક્રમ સાવરકુંડલા મામલતદાર જે. એન પંડ્યાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જો કે ક્લાસ



વન અધિકારી કે જેની હાજરી અપેક્ષિત હોય પરંતુ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા ન હતાં. આ સંદર્ભે પણ સાવરકુંડલા તાલુકા મામલતદાર જે. એન. પંડ્યા સાથે વાતચીત કરતાં તેણે આ મુજબ જણાવ્યું હતું. કે આજે આ તાલુકા સ્વાગત કાર્યક્રમ અંતર્ગત પોતે જ ઉપસ્થિત રહ્યા હતા. આ સંદર્ભે જેમની ડ્યુટી આજે આ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હતી તે ક્લાસ વન અધિકારીની અનુપસ્થિતિ જોવા મળી હતી.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૯૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૬૦ | ૧૩૮૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૭૫ | ૧૧૬૫ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૩૯ | ૧૦૭૧ |
| ૫ | અડદ | ૧૧૧૬ | ૧૨૮૪ |
| ૬ | ઘઉં | ૫૦૪ | ૬૨૬ |
| ૭ | તલ સફેદ | ૧૯૪૦ | ૨૨૬૦ |
| ૮ | જીરૂ | ૩૯૪૦ | ૪૩૫૦ |
| ૯ | સોયાબીન | ૭૮૦ | ૮૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું **બગસરાની મામલતદાર કચેરીમાં**

અનેક રૂટ બંધ કરી પબ્લિકને હેરાન કરવા તેમજ બગસરા અમદાવાદ વહેલી સવારે ઉપરથી બસ સતત એક જ ડ્રાઈવર ચલાવતો હોય જેમાં પેસેન્જરને જીવનું જોખમ જેના પગલે તથા એસટી ડેપોમાં સીસીટીવી કેમેરા બંધ અને એક વર્ષથી પંખા રીપેરીંગમાં જેવા પ્રશ્નોને લઈને એસ.પી સંજય ખરાટે સ્પષ્ટ સુચના ડેપો મેનેજર ને આપી હતી કે તાત્કાલિક ધોરણે આ પ્રશ્નનો નુ નિરાકરણ કરવું જેની ડેપો મેનેજર ને કડક સૂચના આપી હતી તેમજ માર્ગ – મકાન વિભાગ જમીન દબાણ સહિત વિવિધ પ્રશ્નોની અરજદારોએ અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાટને રજુઆત કરતા અરજદારોના પ્રશ્નોને સાંભળી તેનું નિરાકરણ થાય તે અંગે વિવિધ વિભાગાના અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી આ તકે બગસરાના જાણીતા પત્રકાર સમીરભાઈ વિરાણી એ એસ. પી. સંજય ખરાટનું પુષ્પગુચ્છથી સન્માન કર્યુ હતુ તેમજ બગસરા મામલતદાર પ્રશાંત ભીંડી નાયબ મામલતદાર નિહાર વઘાસિયા સાહેબ પી.આઇ. સાળુકે સાહેબ પી.એસ.આઇ. કમલેશદાન ગઢવી સહિત અધિકારીઓ ઉપસ્થિત રહેલ.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં નાના ભંડારીયા ગામના**

જયારે માર્ગ બનવાનું શરૂ થયું ત્યારે ગામજનોમાં ખૂશીનો માહોલ છવાયો હતો કે માર્ગમાં સુંદર માર્ગ બનશે. પરંતુ ગામજનોની ખૂશી ગણતરીનાં દિવસોમાં આંસુમાં પલટાઈ ગઈ અને હાલમાં માર્ગ ઉપરથી પસાર થવામાં ધોળે દિ'એ તારા દેખાઈ જાય છે.

સ્થાનિકથી લઈને દેશનાં શાસકો અવારનવાર ભાષણબાજી કરે છે કે અમારૂ શાસન પારદર્શી છે. ભ્રષ્ટાચાર કયાંય થતો નથી પરંતુ વાસ્તવિકતા અતિ બિહામણી જોવા મળી રહી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૧ | ૧૪૩૦ |
| ૨ | મગફળી | ૮૭૦ | ૧૧૨૨ |
| ૩ | ઘઉં | ૫૧૫ | ૫૬૦ |
| ૪ | ચણા | ૧૧૮૧ | ૧૨૦૧ |
| ૫ | તુવેર | ૧૨૫૦ | ૧૩૯૦ |
| ૬ | ધાણા | ૧૦૩૦ | ૧૧૩૦ |
| ૭ | તલ કાળા | ૩૭૨૫ | ૩૭૨૫ |
| ૮ | સોયાબીન | ૬૦૫ | ૭૯૧ |

## દામનગર : ઠાસા રોડ પર મંજુર થયેલ પુલ બનાવવા માંગ



દામનગર, તા. ૨૫

દામનગરમાંથી ઠાસા રોડ પર આવેલ બેઠા પુલ ને ઉંચો બનાવવા માટે આ વિસ્તારના જાગૃત ધારાસભ્ય જનકભાઈ તલાવીયાએ મુખ્ય મંત્રીને રજૂઆત કરતાં, મંજૂરી મળી ગયેલ હોય વહેલી તકે ઉંચોપુલ બનાવવાની કામગીરી શઢ કરવામાં આવે એવી લાગણી સાથે માંગ છે.

## અવસાન નોંધ

**દામનગર :** ગુજરાતી પટેલ (દામનગર) લખમણભાઈ (લખાભાઈ) શામજીભાઈ ધોળકિયા (ઉ. વ. ૭૩ દિવ્યાંગ) તે સ્વ. કાળુભાઈ, મુકતાબેન હિમ્મતભાઈ ( સુરત ), બાબુભાઈ, નાનજીભાઈ અને ગોવિંદભાઈના ભાઈનું દામનગર મુકામે અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૬/૧૨ ને ગુરૂવારે સવારના ૮ થી સાંજના ૫ સુધી તેમના નિવાસસ્થાન ૧૧૧–પ્લોટ, દામનગર રાખેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ


| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૬૨ |
| ૨ | મગફળી | ૮૬૫ | ૧૦૬૦ |
| ૩ | એરંડા | ૧૧૧૦ | ૧૧૧૦ |

# અમરેલી ખાતે જિલ્લા યુવક કોંગ્રેસની કારોબારી બેઠક યોજાઈ



અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ સંદિપ ધાનાણી દ્વારા ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ તેમજ ગુજરાત વિધાનસભાના પૂર્વ વિપક્ષના નેતા પરેશભાઈ ધાનાણીની અધ્યક્ષતામાં અમરેલી જીલ્લા યુવક કોંગ્રેસની વિસ્તૃત કારોબારી બેઠક મળેલી. આ કારોબારી મીટીંગમાં અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના નવ નિયુકત હોદેદારોને તેમના નિમણુક પત્ર આપી નવ નિયુકત હોદેદારોને સન્માનીત કરવામાં આવેલ સાથે–સાથે તેમને યુવક કોંગ્રેસનું સંગઠન મજબુત કરવા આહવાન કરવામાં આવ્યું હતું. જેમાં આવનાર દિવસોમાં યુવક કોંગ્રેસ પોતાનું સંગઠન બુથ વાઈઝ તૈયાર કરવા આયોજન કરવાનું નકિક કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ભરૂચમાં બનેલ બાળાત્કારનાં ભોગ બનેલ નિર્ભયાને શ્રધ્ધાજંલી અર્પણ કરી કસુરવારને કડકમાં કડક સજા થાય તેવી અપીલ કરી હતી. હાલ ગુજરાતના યુવાનો વધતી જતી બેરોજગારીના કારણે નશો કરવા તરફ આગળ વધી રહ્યા છે. જે ને રોકવા યુવક કોંગ્રેસ દ્વારા ગુજરાતના યુવાનોનું ભવિષ્ય ઉજવળ બને તે હેતુથી સમગ્ર રાજયમાં મુહિમ ચલાવવામાં આવેલ છે. ''નોકરી છે નશા નહી'' આ મુહિમના માધ્યમથી બેરોજગાર યુવાનોને સરળતાથી રોજગારી મળી રહે તેમજ યુવાનો નશા કરવાની લતથી દુર રહે તે હેતુથી યુવક કોંગ્રેસ દ્વારા સરકાર વિરૂધ્ધ વિવિધ કાર્યક્રમો આપવા નકિક કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ગુજરાત એન.એલ.યુ.આઈ.ના પૂ. પ્રમુખ આદિત્યસિંહ ગોહિલ, મુજજફર હુસૈન સૈયદ, ટીકુભાઈ વરૂ, શરદભાઈ ધાનાણી, કેતનભાઈ ખુમાણ, હશુભાઈ બગડા, અશ્વીનભાઈ ધામેલીયા, શાંતિલાલ રાણવા, યુથ કોંગ્રેસ મહિલા વિંગના પ્રદેશ પ્રમુખ વૈશાલી બેન, નરેશ અધ્યારૂ, મિનાબેન સોડાગર, રફીકભાઈ મોગલ, રવજીભાઈ મકવાણા, ભરતભાઈ હપાણી, રવિરાજભાઈ ધાખડા, યુવરાજભાઈ વરૂ સહિતના યુવક કોંગ્રેસના નવનિયુકત હોદેદારો સહિત વિશાળ સંખ્યામાં યુવાનો જોડાયેલ હતા. તેમજ યુવક કોંગ્રેસના મહિલા વિંગના અમરેલી જિલ્લા પ્રમુખ દક્ષાબેન ચૌહાણ વિશાળ મહિલાઓ સાથે કાર્યક્રમમાં હાજર રહેલ હતા.

# બાગાયત, કલેક્ટર અને માહિતી કચેરીને ત્રણ કેટેગરીનાં પ્રમાણપત્ર એનાયત



ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈજીના જન્મદિન તા.૨૫ ડિસેમ્બરને સુશાસન દિન તરીકે ઉજવવામાં આવે છે. સહિયારા પ્રયાસથી વધુ સુદ્રઢ સેવાઓનો સંકલ્પ સાકાર કરવા તાલીમ અને વ્યવસ્થાઓ વધુ મજબૂત કરવાની રાજય સરકારની નેમ છે. સ્વચ્છતા અભિયાન અન્વયે કરવામાં આવેલી કામગીરીમાં અમરેલી જિલ્લાની વિવિધ કચેરીઓને દર વર્ષે સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવે છે. અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયા અને કાર્યકારી જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જાડેજા તેમજ અમરેલી પ્રાંત અધિકારી મહેશ નાકિયાએ અમરેલી જિલ્લા બાગાયત, જિલ્લા કલેકટર અને જિલ્લા માહિતી કચેરીને અનુક્રમે બેસ્ટ, ઈમર્જિંગ અને એસ્પારિંયગ એમ ત્રણ અલગ–અલગ કેટેગરીના પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાએ કચેરીઓને તેમની કામગીરી માટે અભિનંદન પાઠવી ભવિષ્યમાં પણ આ રીતે ઉત્કૃષ્ઠ કામગીરી કરવા પ્રોત્સાહન આપ્યું હતું. નાગરિકોને કેન્દ્રમાં રાખી વધુ સારી સેવાઓ અને માળખાકિય સુવિધાઓમાં ઉમેરો થાય તે મંત્ર સાથે કાર્યરત રાજય સરકાર દ્વારા વિવિધ પ્રકલ્પોની શરૂઆત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વિડિયોના માધ્યમથી રાજયભરના જિલ્લાઓ પણ જોડાયા હતા. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૬૦૦થી વધુ વિવિધ સરકારી યોજનાઓની વિગતો આપતા મારી યોજના પોર્ટલનો પ્રારંભ કરાવ્યો હતો. રાજય સરકારના લોકાભિમુખ અને પારદર્શી વહીવટલક્ષી અભિગમને સાકાર કરતા અનેક વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત પણ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. સુશાસન પરની ટૂંકી ફિલ્મ દર્શાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયા અને કાર્યકારી જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જાડેજા તેમજ અમરેલી પ્રાંત અધિકારી મહેશ નાકિયા, આરોગ્ય, પંચાયત, માર્ગ અને મકાન, નગરપાલિકા સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ કર્મયોગીઓ સહિતના જોડાયા હતા.

### ડો. જીવરાજ મહેતા ચોકમાં આમ આદમી પાર્ટી દ્વારા

## ઝઘડિયા પંથકમાં દુષ્કર્મનો ભોગ બનીને જીંદગી હારી જનાર દિકરીને શ્રધ્ધાંજલિ પાઠવાઈ

### રાજયનાં ગૃહમંત્રી નૈતીકતાથી રાજીનામું આપવા માંગ

અમરેલી, તા. ૨૫

અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં આજે આમ આદમી પાર્ટીએ કેન્ડલ માર્ચ યોજીને ઝઘડીયા પંથકમાં દુષ્કર્મનો ભલગ બનીને જીંદગીની જંગ હારી જનાર દીકરીને શ્રધ્ધાજંલિ પાઠવવામાં આવી હતી.




આજરોજ આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતના ઝઘડિયાની દુષ્કર્મ પિડીતા ૧૦ વર્ષની દીકરી જીંદગીનો જંગ હારી ગઈ. સત્તામાં બેઠેલી સરકારની સંવેદનાઓ મરી પરવારી છે ત્યારે આમ આદમી પાર્ટી દ્વારા અમરેલી ખાતે શહીદ સ્મારક આગળ મૃતક દિકરીને શ્રદ્ધાજંલિ આપવા માટે ''કેંડલમાર્ચ'' યોજી શ્રદ્ધાંજલિ પાઠવી અને ગુજરાના ગૃહમંત્રીનું રાજીનામું લેવાનું સરકાર પાસે માંગણી કરી. ગુજરાતની કથળ તી દશા જયાં ક્રાઈમ વધ્યો છે ને લોકો ડરના માહોલમાં જીવતા થયા છે. ગુજરાતમાં અવારનવાર આવા દુષ્કર્મના બનાવ બન્યા છે. ત્યારે ગુજરાતના ગૃહમંત્રી આ ગુન્હાઓનો રોકવા કે કાબૂમાં કરવા સદંતર નિષ્ફળ નીવડયા છે. જેના લીધે ગુજરાતની અસ્મિતા જોખમાય છે તેથી ભાજપ સરકાર તેની નૈતિક જવાબદારી લઈને તત્કાલ ગૃહમંત્રીને પદ પરથીી હટાવી. આ બનાવના દોશીઓ પર કડકમાં કડક સજા એટલે કે ફાંસીની સજા આપી સમાજમાં એક ઉદાહરણ પુરૂ પાડે છે.

### ગીરકાંઠાનાં વિસ્તારોમાં સિંહ અને દીપડા તેમજ શહેરી વિસ્તારમાં શ્વાનની સમસ્યા

## બગસરામાં રખડુ શ્વાને 30 થી વધુ નાગરિકોને બચકા ભર્યા છતાં તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં

### મહત્વનાં પદાધિકારીઓ માત્ર વિકાસની વાતોમાં જ વ્યસ્ત



બગસરા, તા. ૨૫

બગસરામાં સ્વાને મચાવ્યો હતો આંતક અનેક લોકોને બચકા ભર્યા મળતી માહિતી મુજબ બગસરામાં છેલ્લા આઠ દિવસ થયા સ્વાનને આંતક મચાવ્યો છે બગસરાના જુદા જુદા વિસ્તારમાં તો પણ સ્વાનનો ત્રાસ છે જ પરંતુ હાલ વાંજાવાડ વિસ્તારમાં તેમજ રશ્મિનભાઈ ડોડીયાવાળી ગલીમાં સ્વાનના આટા ફેરા વધી જતા નાના બાળકો તથા વૃદ્ધોને નીકળવું મુશ્કેલ બન્યું છે ત્યારે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ સ્વાનોને પકડીને ડબે પુરવા જરૂરી બન્યું છે હવે આ તંત્ર કેવું જાગૃત છે તે જોવાનું રહ્યું.

## ધારી તાલુકા ભાજપ તેમજ ચલાલા શહેર ભાજપના નવનિયુક્ત પ્રમુખનો સન્માન કાર્યક્રમ યોજાયો

ચલાલા, તા. ૨૫

ચલાલા ખાતે નવનિયુકત ધારી તાલુકા ભાજપના પ્રમુખ મુગેશભાઈ કોટડીયા તેમજ ચલાલા શહેર ભાજપના પ્રમુખ જીતેન્દ્રભાઈ કાથરોટીયાનું ભોજલરામ નાગરીક શરાફી સહકારી મંડળી લી.ના ચેરમેન ગોરધનભાઈ ગેડીયા, વા.ચેરમેન ગિરધરભાઈ છભાયા, ડિરેકટર ગુણવંતભાઈ ભંડેરી, દલસુખભાઈ ભેસાણીયા તેમજ પરેશભાઈ કાથરોટીયા, વિનૂભાઈ કાથરોટીયા, દિનેશભાઈ માળ વીયા, ગુણવતભાઈ કાથરોટીયા દ્વારા હાર શાલ હલ તેમજ ચલાલા શહેર ખોડલધામ સમિતિના કન્વીનર મયુરભાઈ કાથરોટીયા તેમજ મનોજભાઈ બગસરીયા, સુરેશભાઈ કાકડીયા, આનંદભાઈ માળવીયા, રોનકભાઈ કાથરોટીયા દ્વારા હાર શાલ ખેસ તેમજ પટેલવાડી ચલાલાના પ્રમુખ ઘનશ્યામભાઈ કાકડીયા, દેવરાજભાઈ પાનસુરીયા, ભાયલાલભાઈ જયાણી, ધનજીભાઈ કાથરોટીયા, તેમજ બચુભાઈ કાથરોટીયા દ્વારા હાર, શાલ, સ્મુતીંછબીથી સન્માન કરવામાં આવેલ તેવુ શાખા સેક્રેટરી ક્રિનલબેન ગેડીયા તેમજ જાનવીબેન મેશીયાએ અખબારી યાદીમાં જણાવેલ છે.



## રાજુલા : ગર્લ્સ હાઇસ્કૂલની વિદ્યાર્થીનીઓ જી.એમ.બી પોલિટેકનિકની મુલાકાતે



રાજુલા, તા. ૨૫

રાજુલા શ્રીમતી ટી.જે.બી. એસ . ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓ એ જી.એમ.બી. પોલિટેકનિકની મુલાકાત લઈ તેમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો વિશે માહિતી મેળવી હતી તથા તેમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ અભ્યાસ તથા આગળની તકો વિશે માહિતી મેળવી હતી.

આ માટે પોલી ટેકનીક ના આચાર્યશ્રી તથા સમગ્ર સ્ટાફ પરિવારે ખૂબ જ સુંદર માર્ગદર્શન પૂરૂ પાડયું હતું.

શાળાનાં આચાર્યા શ્રીમતી સીમાબહેન પંડયા જોષીએ શાળા સંચાલક મંડળ તથા સમગ્ર શાળા પરિવાર વતી આભાર માન્યો હતો.

### સમય મર્યાદામાં સંખ્યા બાબતે દરખાસ્ત ન મોકલાતા

## હે રામ : બગસરાની મેઘાણી હાઈસ્કુલને ગ્રાન્ટની રકમમાં ૨૫ ટકા કાપ મુકાશે

### સંચાલક મંડળ અને હાજર થનાર શિક્ષકોની આજે બેઠક

બગસરા, તા. ૨૫

બગસરા મેઘાણી હાઈસ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓની સંખ્યા બાબતે સમય મર્યાદામાં શિક્ષણાધિકારીની કચેરીને દરખાસ્ત મોકલવામાં નહી આવતા શાળાને મળતી ગ્રાન્ટના ૨૫ ટકા કાપી નાખવાનો આદેશ કરવામાં આવશે તેમ જાણવા મળ્યુ છે. બગસરા મેઘાણી હાઈસ્કૂલના સાયન્સ વિભાગમાંથી ૪ અને માધ્યમિક વિભાગમાંથી ૧ શિક્ષક ફાજલ થનાર છે. વિદ્યાર્થીઓની સંખ્યા બાબતે તા. ૩૦ સપ્ટેમ્બર સુધીમાં શાળા દ્વારા દરખાસ્ત કરવાની હોય છે પરંતુ શાળાએ આ બાબતની કોઈ ગંભીરતા ન લેતા શિક્ષણાધિકારી કચેરી દ્વારા નોટીસ પાઠવવામાં આવી હતી. શિક્ષકોને ફાજલ કરવાને બદલે અન્ય વિભાગમાં તેને સમાવવાનો તખ્તો ગોઠવવામાં આવી રહ્યો છે. શાળાએ સમયસર દરખાસ્ત નહી મોકલી બેદરકારી દાખવવા બદલ શાળાને મળતી ગ્રાન્ટમાં ૨૫ ટકાનો કાપ મુકવામાં આવશે તેમ શિક્ષણ કચેરીમાંથી જાણવા મળ્યુ છે. વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હતી તો શા માટે શિક્ષણાધિકારી કચેરીને જાણકરવામાં ન આવી તે બાબત હવે તપાસનો વિષય બની છે. સંચાલક મંડળ સામે ફાજલ થનાર શિક્ષકોની હીયરીંગ થયા બાદ હવે આવતીકાલ તા.૨૬ના રોજ શિક્ષણાધિકારી સામે ફાજલ શિક્ષકોનું હીયરીંગ થશે તેમ જાણવા મળ્યુ છે.

# બાબરામાં શહેર ભાજપ દ્વારા પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપાઈના જન્મ દિને સુશાસન દિવસની ઉજવણી કરાઈ





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા નેતૃત્વમાં શહેર ના દરેક વોર્ડ વિસ્તારમાં આવેલ બુથ પર દેશના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપયજીના જન્મ દિવસપર સુશાંસન દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી તેમજ બાજપાયજીના ફોટાને ફુલહાર કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શહેર ભાજપના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, નગરપાલિકા ઉપપ્રમુખ અકુરભાઈ જસાણી, કારોબારી સમિતિ ના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, પ્રતાપભાઈ ખાચર, જિગુ બેન શકોરિયા, અલતાફભાઈ ગોગદા, ભરતભાઈ રંગપરા, મનોજભાઈ જસાણી, સલીમભાઈ કોટડીયા, હાઢનભાઈ મેતર જગદીશભાઈ કારેટિયા, રાજુભાઈ રંગપરા વગેરે ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગીરકાંઠાનાં વિસ્તારમાં દીપડા જેવા રાનીપશુઓની અવરજવર બંધ થતી નથી

# ખાંભાનાં પચપચીયા ગામની સીમમાં મોડી રાત્રિએ ૧૦ વર્ષિય બાળકને દીપડાએ દૂર ઢસડી મોતને ઘાટ ઉતાર્યો

## ખૂંખાર દીપડાને પકડવા માટે વનવિભાગે પાંચ પાંજરા ગોઠવી દીધા



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૨૫


અમરેલી જિલ્લામાં સિંહો, દીપડાઓ જેવા વન્યપ્રાણીઓની વસ્તી વધતા માનવ મૃત્યુના બનાવો સામે આવી રહ્યા છે જેના કારણે લોકોમાં ભયનો માહોલ છવાયો છે. ખાંભાના તાલુકાના પચપચીયા ગામની સિમ વિસ્તારમાં એક પરિવાર ઝૂંપડાઓમા ખુલ્લામાં સૂતો હતો જેમાં ૧૦ વર્ષના બાળક મયુર જીતુભાઈ સોરઠીયા રહે. ઉના તાલુકાના સામતેર ગામનો રહેવાસી પરિવાર વચ્ચેથી બાળકને દીપડાએ છુપી રીતે આવી બાળકને ઢસડી ૫૦૦ મીટર દૂર બાવળની ઝાડીઓ સુધી લઈ જઈ શિકાર કર્યો. દીપડાએ બાળકને ફાડી ખાધા બાદ દીપડો નાસી છૂટયો. ઘટનાની જાણ ખાંભા રેન્જ વનવિભાગને થતા વનવિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી બાળકના શરીરના હાથ, પગ સહિત કેટલાક અવશેષોનો મૃતદેહ મળતા ખાંભા હોસ્પિટલમાં પી.એમ. માટે ખસેડવામાં આવ્યો છે. સ્થાનિક ખેડૂતો સિમ વિસ્તારમાં દીપડાએ બાળકનો શિકાર કરવાની ઘટનાને લઈ ફફડાટ સાથે ભયનો માહોલ છવાયો છે.

દીપડાએ બાળક ઉપર હુમલો કર્યા બાદ બાળકનું મોત થતા ધારી ગીર પૂર્વ ડીસીએફ રાજદીપસિંહ ઝાલા દ્વારા ખાંભા–તુલસીશ્યામ રેન્જને દીપડાને પકડવા માટે સૂચના આપતા હાલ વનવિભાગ દ્વારા દીપડાને પકડવા માટે લોકેશન લેવા માટેની કવાયત હાથ ધરી છે અને અલગ અલગ વિસ્તારમાં પાંજરા ગોઠવવામાં આવ્યા છે.

તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહીને

# બગસરાની મામલતદાર કચેરીમાં પોલીસ અધિક્ષક સંજય ખરાતે પ્રશ્નોનુ નિરાકરણ કર્યુ

## મામલતદાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહયા



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૫

બગસરા મામલતદાર કચેરી ખાતે તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો ગુજરાત રાજય સરકાર દ્વારા વિવિધ વિકાસલક્ષી યોજનાનો લાભ છેવાડાના લોકો સુધી મળી રહે અને લોકોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ થાય તે અન્વયે વિવિધ યોજનાઓ અમલીકરણ હોય ત્યારે બગસરા તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ મામલતદાર કચેરી ખાતે અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાટના અધ્યક્ષ સ્થાને યોજાયો જેમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારના કુલ ૬ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી જેમાં ૩ પ્રશ્નોનુ સ્થળ પર નિરાકરણ કરવામાં આવ્યું જેમાં બગસરા એસ.ટી. ના પ્રશ્ન જેમાં બસના

અનુસંધાન પાના ૬ ઉપર



























*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)